**DATE: 07/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–01**

## સાંજના ૫ વાગ્યા સુધી ૬૪.૮૯ ટકા મતદાન

# આમોદ પાલિકાની પાંચ બેઠક માટે ચૂંટણી યોજાઈ

| આમોદ |

આમોદ નગરપાલિકાની આજ રોજ યોજાયેલી પેટાચૂંટણી સાંજના પાંચ વાગ્યા સુધીમા આશરે ૬૪.૮૯ ટકા મતદાન થયું હતું.

આમોદ નગર પાલિકાની પેટાચૂંટણીમાં આજ રોજ સવાર સુધીમાં નીરસ મતદાન જોવા મળ્યું હતું.પરંતુ બપોર બાદ મતદાન કરવા માટે લાઈનો જોવા મળી હતી.જે સાંજના પાંચ વાગ્યા સુધી આશરે ૬૪.૮૯ ટકા જેટલુ મતદાન થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આમોદ નગર પાલિકા ના ત્રણ વોર્ડ માટે પાંચ બેઠકોની પેટાચૂંટણી યોજાઈ હતી.આમોદ નગરપાલિકાની પેટાચુંટણીમા અપક્ષની એકતા પેનલ તેમજ ભાજપ સાથે સીધો જંગ જોવા મળ્યો હતો.પાલિકાની ચૂંટણી માં કોંગ્રેસે ઉમેદવારો ઉભા રાખ્યા નહોતા. આમોદના વોર્ડ નંબર ૩ માં સાંજના પાંચ વાગ્યા સુધી ૬૫.૬૫ ટકા,વોર્ડ નંબર ૪ માં ૬૬.૦૨ ટકા તેમજ વોર્ડ નંબર ૬ માં ૬૨.૪૬ ટકા મતદાન નોંધાયું હતું.આમોદ પાલિકાની યોજાયેલી પેટાચૂંટણીના પરિણામ ૮ મી ઓગષ્ટે જાહેર કરવામાં આવશે. આમોદ નગરપાલિકાની પેટાચુંટણીમાં મતદાન મથકો પર અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

**DATE: 07/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–01**

### સદસ્ય નામદેવ મહીપતરાવ શેરેનું નિધન થતાં જગ્યા ખાલી હતી

# જંબુસરમાં વૉર્ડ-૭ ખાલી બેઠકની પેટા ચૂંટણીમાં ૭૧ ટકા મતદાન

## ભાજપ કોંગ્રેસ તથા અપક્ષ સહિત કુલ ચાર ઉમેદવારો વચ્ચે ખેલાયેલો જંગ

। જંબુસર ।

જંબુસર નગરપાલિકાની વોર્ડ નંબર ૭ ખાલી બેઠકની આજરોજ યોજાયેલ પેટા ચુંટણી શાંતિપૂર્ણ માહોલમા પોલીસના ચાંપતા બંદોબસ્ત હેઠળ યોજાઈ હોવાના તથા ભાજપ કોંગ્રેસ તથા અપક્ષ સહિત કુલ ચાર ઉમેદવારો વચ્ચે ખેલાયેલ ચુંટણી જંગમા સાંજના ૬ વાગ્યા સુધીમા ૭૧ ટકા મતદાન નોંધાયુ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

જંબુસર નગરપાલિકાના વોર્ડ નંબર ૭ ના સદસ્ય નામદેવ મહીપતરાવ શેરેનુ નિધન થવાથી ખાલી પડેલ બેઠક માટે આજરોજ પેટાચૂંટણી યોજાઈ હતી. આ પેટાચૂંટણીમા ભાજપના જગદીશભાઈ કા.પટેલ, કોગ્રેસના કાદરબેગ મિર્ઝા, તથા અપક્ષ તરીકે સ્વ નામદેવ મહીપતરાવ શેરે ના ભાઈ શંતશરણ મહીપતરાવ શેરે,જાવીદબેગ ઈદ્રીશબેગ મિર્ઝા એ ઉમેદવારી નોંધાવી હતી.

આજે સવારે ૭ કલાકે ટંકારી ભાગોળ ખાતે નગરપાલિકા હાઈસ્કૂલના પરીસર મા આવેલ પ્રાથમિક શાળામા બનાવેલ ૫ મતદાન મથકોમા પોલીસના ચાંપતા બંદોબસ્ત હેઠળ મતદાન પ્રક્રિયા શરૂ થઈ હતી.પ્રથમ બે કલાકમા ૫૧૪૮ મતદારો પૈકી ૨૧૧ પુરૂષ તથા ૧૭૧ સ્ત્રી મતદારો મળી કુલ ૩૮૨ મતદારોએ મતદાન કરતા ૭.૪૨ ટકા મતદાન નોંધાયુ હતુ.

પ્રારંભે નિરસ મતદાન થયા બાદ ક્રમશ મતદાન ની ટકાવારી મા વધારો જોવા મળ્યો હતો.અને મતદારો મતદાન કરવા ઉમટી પડતા અમુક બુથ ઉપર કતારો જોવા મળી હતી. રાજકીય પક્ષના આગેવાનો કાર્યકર્તાઓ મતદાન વધુ થાય તે માટે જહેમત ઉઠાવતા નિહાળવા મળ્યા હતા. સાંજે પાંચ વાગ્યા સુધી મા ૫૧૪૮ કુલ મતદારો પૈકી ૧૮૪૭ પુરૂષ તથા ૧૬૭૭ સ્ત્રી મતદારોએ મતદાન કરતા મતદાન ૬૮.૪૫ ટકા નોંધાયુ છે. મતદાનની રૂખ જોતા સાંજે ૬ વાગ્યા સુધીમા અંદાજે ૭૫ ટકા મતદાન થવાની સંભાવના રહેલી છે.

પોલીસ ઈન્સ્પેક્ટર વી.એન. રબારી એ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટેમતદાન મથકો સહિત તમામ સ્થળે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો.

**DATE: 07/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

### પેટ્રોલિંગમાં ફરતી પોલીસે છાપો માર્યો

# ઝઘડિયા તાલુકાના દધેડા ગામે જુગાર રમાડતો ઈસમ પકડાયો

## આંકડા લખનાર ઝડપાયો : અન્ય એક ફરાર થઈ ગયો

| ઝઘડિયા |

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના દધેડા ગામે સટ્ટાબેટિંગના આંકડાનો જુગાર રમાડતો એક ઈસમ ઝડપાયો હતો. ઝઘડિયા જીઆઈડીસી પોલીસમાંથી મળતી વિગતો મુજબ પોલીસ જવાનો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે તે દરમિયાન બાતમી મળી હતી કે દધેડા ગામે ડબ્બા ફળિયા ખાતે રહેતો શ્રાવણકુમાર સરાદભાઈ વસાવા તેના ઘરના પાછળના ભાગે માણસો ભેગા કરીને સટ્ટાબેટિંગના આંકડા લખી જુગાર રમાડે છે.

પોલીસે મળેલ બાતમી મુજબના સ્થળે જઈને છાપો મારતા ત્યાં એક ઈસમ કંઈ લખતો હતો,અને અન્ય એક ઈસમ કંઈ લખાવતો હોય એમ જણાયું હતું. પોલીસે આ રેઈડ દરમિયાન આંકડા લખનાર ઈસમને ઝડપી લીધો હતો, જ્યારે અન્ય ઈસમ પોલીસની રેઈડ જોઈને નાશી ગયો હતો.

આ પકડાયેલ ઈસમને તેનું નામ પુછતા તેનું નામ શ્રાવણકુમાર સરાદભાઈ વસાવા રહે.ગામ દધેડા ડબ્બા ફળિયું તા.ઝઘડિયાના હોવાનું જણાયું હતું. પોલીસે ઘટના સ્થળેથી આંકડા લખવાની બુક બોલપેન લાકડાનું પાટિયું તેમજ કાર્બનપેપરઉપરાંત પકડાયેલ ઈસમની અંગઝડતી કરતા મળેલ રૂ.૫૮૦. કબજે લીધા હતા. ઝઘડિયા જીઆઈ ડીસી પોલીસે સટ્ટાબેટિંગના આંકડાનો જુગાર રમાડતા ઝડપાયેલા શ્રાવણકુમાર સરાદભાઈ વસાવા રહે.ગામ દધેડા તા.ઝઘડિયાના વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 07/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

## વલણથી ધુલિયા કન્ટેનરમાં લઈ જવાતી હતી

# વલણથી કન્ટેનરમાં લઈ જવાતી ૧૯ ભેંસોને લોકોએ બચાવી

### પશુ સહિત રૂા.૮.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

| અંકલેશ્વર |

અંકલેશ્વરના કોસમડી નજીક શનિવારે મોડી રાતે વલણથી ધુલિયા કન્ટેનરમાં ક્રુરતાપૂર્વક લઈ જવાતી ૧૯ ભેંસોને લોકોએ બચાવી પોલીસને જાણ કરી હતી. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસનો સ્ટાફ શનિવારે નાઈટ પેટ્રોલિંગમાં હતો. રાતે ૧૨.૩૦ કલાકે મેસેજ મળ્યો હતો કે કોસમડી રોડ પર લોકોએ કન્ટેનરમાં ગેટકાયદે લઈ જવાતી ભેંસો પકડી છે. સ્થળ પર કન્ટેનર, ડ્રાઈવર, ક્લિનર અને અન્ય એક શખ્સ સાથે ટોળા ભેગા થયા હતા. પોલીસે સ્થળ પર પોહચતા જીજે ૨૭ ટીડી ૧૪૧૪ બંધ બોડીના કન્ટેનરમાં ખાના પાડી પાછળના ભાગે પાટિયા લગાવ્યા હતા. જે પાટિયા અને દોરડા ખોલતા અંદર ૧૯ ભેંસો ક્રુરતાપૂર્વક બાંધેલી મળી આવી હતી. ગુજરાતથી મહારાષ્ટ્ર પશુઓની હેરફેર માટે પરવાનગી, પરમીટ ન હોવા સાથે પશુ ઘાતકી અને ક્રુરતા નિવારણ એક્ટ મુજબ વલણથી ભેંસો ભરાવનાર મિનહાજ યાકુબ દરવેજ, ડ્રાઈવર - ક્લીનર પાલેજ અને વલણના અલ્તાફ ફિરોજ દિવાન તેમજ મુસ્તુફા સલીમ પટેલની ધરપકડ કરાઈ હતી. પોલીસે ૧૯ ભેંસો, કન્ટેનર અને બે મોબાઈલ મળી કુલ રૂા.૮.૮૪ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

**DATE: 07/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

આગામી સપ્તાહભર પોલીસ કાર્યવાહી કરશે

# અંકલેશ્વરમાં ટ્રાફિક નિયમનો ભંગ કરનારા 77 જણાં દંડાયા



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વકરતી જતી ટ્રાફિક સમસ્યા ના સુચારુ ટ્રાફિક નિયમનો અભિગમ સાથે અંકલેશ્વરમાં ટ્રાફિકના નિયમો ભંગ કરતા વાહનચાલકો સામે પોલીસની લાલ આંખ કરી હતી. આ ઉપરાંત અડચણ રૂપ લારી પાટકો ની સામે પણ કાર્યવાહી શરુ કરવામાં આવતા વાહન ચાલકો અને દબાણકારો માં ફફડાટ ફેલાયો હતો. પોલીસ દ્વારા રોંગ સાઈડ, આડેધડ પાર્કિંગ, વગર લાયસન્સ, આર.ટી.ઓ તેમજ ટ્રાફિક ના નિયમો ભંગ કરતા વાહન ચાલકોને દંડ કાયદાના પાઠ ભણાવ્યા હતા.

અંકલેશ્વર ડિવિઝન દ્વારા રવિવારે શહેર, ગ્રામ્ય અને જીઆઈડીસીમાં ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરી રજાના દિવસે વાહનચાલકોને પકડી ટ્રાફિકના નિયમોના ભંગ બદલ દંડની સજા કરાઈ હતી. ભરૂચ જિલ્લા ટ્રાફિક અને પોલીસ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી ટ્રાફિક ડ્રાઈવ ચલાવી રહી છે. અંકલેશ્વર શહેર, તાલુકા અને જીઆઈડીસી સહિત વિવિધ ચોકડીઓ પર વાહન ચાલકોને કાયદાના પાલન ની ફરજ પાડી ટ્રાફિકજામની સમસ્યાઓ હલ કરવા પ્રયાસો થઈ રહ્યા છે. શનિવાર ના સાંજ થી શરુ થયેલ સાપ્તાહિક ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત રવિવારે અંકલેશ્વર ડિવિઝન જીઆઈડીસી, ગ્રામ અને શહેરના વિવિધ માર્ગો, સર્કલ અને વિસ્તારમાં વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં રોંગ સાઈડ આવતા વાહનો, આડેધડ પાર્કિંગ, ટ્રાફીકને અડચણરૂપ લારી-ગલ્લા, ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ, ઓવરસ્પીડ, આર.ટી.ઓ, ટ્રાફિક ના નિયમો ભંગ કરતા વાહન ચાલકો ને પકડી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. રવિવારે રજાના દિવસે ટ્રાફિક અને અંકલેશ્વર પોલીસની ડ્રાઈવ ને પગલે વાહન ચાલકો પોલીસને જોઈ રસ્તો બદલવા કે યુ- ટર્ન લેવા મજબૂર બની ગયા હતા. આગામી દિવસોમાં પણ ફેન્સી નંબર પ્લેટ, મોડિફાઈડ બુલેટ, કાળા કાચ, લાયસન્સ વગર ના વાહન ચાલકો તેમજ નિયમો તોડનારને ચેકીંગમાં પકડી કાયદાના પાઠ ભણાવવાનુ જિલ્લામાં ચાલુ રહેશે.

**DATE: 07/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ગોડાઉનમાં દારૂનો જથ્થો સંતાડ્યો હતો

# અંકલેશ્વરમાં બે ગુનાઓમાં વોન્ટેડ બુટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા ગત 1 જુલાઈના રોજ ફીકોમ ચોકડી પર એક પ્લોટ માં કુખ્યાત બુટલેગર જીગ્નેશ પરીખ તેમજ તેના સાગરીતોનો વિદેશી દારૂનો વિપુલ જથ્થો ઝડપી પાડ્યો હતો.

અરસામાં રૂરલ પોલીસ દ્વારા પણ જીતાલી ગામ ખાતે 2 જુલાઈની રાત્રે ઈંગ્લીશ દારૂનું જીગ્નેશ પરીખ નું ગોડાઉન માંથી લાખો રૂપિયા નો દારૂ નો જથ્થો ઝડપી પાડ્યો હતો. જે ગુના માં જીગ્નેશ પરીખ ઉપરાંત તેના નવા દીવા કૈલાશ ટેકરી ખાતે રહેતો આકાશ અનિલ પટેલ નું નામ સામે આવ્યું હતું. જે છેલ્લા એક મહિનાથી પોલીસ ચોપડે વોન્ટેડ હતો. જે અંકલેશ્વર શહેર ચૌટા નાકા વિસ્તારમાં આવી રહ્યો હોવાની ચોક્કસ માહિતી શહેર એ ડિવિઝન પોલીસ ને મળતા પોલીસે વોચ ગોઠવી હતી દરમિયાન આકાશ પટેલ આવતા પોલીસે તેને દબોચી લીધો હતો. અને જીઆઈડીસી તેમજ તાલુકા પોલીસ મથકે જાણ કરી વધુ પૂછપરછ આરંભી હતી.

**DATE: 07/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચના નવા એસપીએ અંક્લેશ્વરની ભૌગાલિક સ્થિતીનો તાગ મેળવ્યો

# અંક્લેશ્વરના તમામ પોલીસ સ્ટેશનના મુખ્ય પ્રશ્નો અંગે ઝિણવટભીર ચર્ચા કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લા ના નવ નિયુક્ત એસપી મયુર ચાવડા દ્વારા અંકલેશ્વર ડિવિઝન માં ઓચિંતી મુલાકાત લીધી હતી. અંકલેશ્વર તાલુકા વિસ્તાર ની ભૂગોળ જાણવા તેમજ કાયદો અને વ્યવસ્થા ની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તમામ પોલીસ મથક ના અધિકારી સાથે બી ડિવિઝન પોલીસ મથકે બેઠક યોજી ચર્ચા વિમર્શ કરી જરૂરી સૂચનો આપ્યા હતા.



ભરૂચ જિલ્લા ના નવ નિયુક્ત પોલીસ વડા મયુર ચાવડા દ્વારા શનિવાર ની મોડી સાંજે અચાનક અંકલેશ્વર વિભાગીય પોલીસ વિસ્તારની મુલાકાત લીધી હતી. ડીવાય.એસ.પી ચિરાગ દેસાઈ તેમજ વિવિધ પોલીસ મથકના પીઆઈ. તેમજ પી.એસ.આઈ જોડે બી ડિવિઝન પોલીસ મટકે રૂબરૂ મુલાકાત કરી પોલીસ મથક વિસ્તાર ની ભૌગોલિક વિસ્તાર નો તાગ મેળવ્યો હતો. તેમજ કાયદો અને વ્યવસ્થા અંગે ચર્ચા વિમર્શ કરી હતી. તેમજ વિવિધ મુદે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

**DATE: 07/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## પોલીસને જોઇને ત્રણ આરોપી ભાગ્યા હતાં

# પોલીસને 7 મહિનાથી ચકમો આપતો બુટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના પાનોલી પોલીસ મથક ની ટીમ હોળી ધુળેટી તહેવાર નિમિતે પેટ્રોલિંગ દરમિયાન પાનોલી ગામની સીમમાં પીલુદ્રા ગામ તરફ જવાના રોડ ની બાજુમાં આવેલ ખેતર પાસે અંકલેશ્વર ના કાપોદ્રા ગામના રમઝાન ઈદ્રીશ શેખ અને જીઆઈડીસીમાં રહેતો જીગ્નેશ પરીખે ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો ઉતારેલ છે.

પારડી ઈદ્રીશ ગામના મહેશ છના વસાવા આ ઈંગ્લીશ દારૂના જથ્થા ની દેખભાળ કરી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા સ્થળ પરથી ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો ,જો કે સ્થળ પરથી ત્રણેય બુટલેગર ફરાર થઈ ગયા હતા ફરાર રમઝાન ઈદ્રીશ ,જીગ્નેશ પરીખ અને મહેશ વસાવા વિરુદ્ધ ગુન્હો નોંધ્યો હતો. દરમિયાન છેલ્લા 7 મહિનાથી ફરાર રહેલા વોન્ટેડ રમઝાન ઈદ્રીશ શેખને પોલીસે ઝડપી પાડ્યો હતો.

**DATE: 08/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### જિલ્લા ટ્રાફિક પોલીસે સ્પિડગનથી ગતિ મર્યાદા તપાસી

# 40 કિમીની ઝડપથી વધુ હંકારતાં 15 વાહન ચાલકને 30 હજારનો દંડ



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ભરૂચ વચ્ચે ના માર્ગ ઉપર વહીવટી તંત્ર દ્વારા 40 ની ગતિ મર્યાદા પર વાહન ચલાવવા ના જાહેરનામા બાદ ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા.રોડ ઉપર સ્પીડોમીટર સાથે ગતિ મર્યાદા અંગે ચેકિંગ હાથ ધરી 40 ની સ્પીડ થી વધુ સ્પિડિ પસાર થતા વાહનો પૈકી 15 વાહનોને વધુ ઝડપે હંકારવા બાબતે 30 હજારનો જ્યારે અન્ય 6 હજારનો દંડ ફટકાર્યો હતો. જ્યારે 11 વાહનો ડિટેઈન ક્યાઁ હતાં. તેમજ ઈ મેમો પણ આપવામાં આવ્યા હતા.

ભરૂચ અંકલેશ્વર વચ્ચે ના માર્ગ ઉપર તેમજ નર્મદા મૈયા બ્રિજ પર વધી રહેલા અકસ્માત ના બનાવો ને રોકવા માટે ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંકલેશ્વર ભરૂચ વચ્ચે ના માર્ગ તેમજ આ માર્ગ ઉપર આવેલ નર્મદા મૈયા બ્રિજ પરથી પસાર થતા તમામ વાહનોની 40 કિલોમીટરની ગતિ મર્યાદા સાથે નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ ના પી આઈ એસ કે ગામીત ના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ ગતિ મર્યાદા માપવા માટેના સ્પીડોમીટર સાથે અંકલેશ્વર ભરૂચ વચ્ચે ના રોડ ઉપર ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં 40 કિલોમીટર થી વધારે ગતિ થી પસાર થતા વાહન પર દંડની કાર્યવાહી કરવામાં આવી હતી. અંકલેશ્વર થી ભરૂચ જતા માર્ગ પર સ્પીડોમીટર મૂકી વાહન ની ગતિ તપાસ કરવામાં આવી હતી.

દૂર થી જ ગતિ ની જાણ થતા સાથે રોડ ઉપર તેનાત ટ્રાફિક પોલીસ જવાન ને જાણ કરી વાહન થંભાવી દંડ કરવામાં આવ્યો હતો. એસટી બસ થી લઈ તમામ વાહનો ની ગતિ મર્યાદા જિલ્લા ટ્રાફિક દ્વારા ચકાસવામાં આવી હતી. તેમજ વધુ સ્પિડિ પસાર થતા વાહનોના ચાલકો ને દંડ ફટકાર્યો હતો અને વાહન ચાલકો ને 40 ની ગતિ મર્યાદા અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

**DATE: 08/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# નંદાહદ નંદા સરોવરમાં સ્નાનનું મહત્વ



ભરૂચ | નાંદ ગામ ખાતે રાજ્યભરમાંથી ભાવિક ભક્તો નાંદ ખાતે આવી પહોંચ્યા હતા અને દર્શન સાથે સ્નાનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ મેળામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત, રોગચાળો ફાટી ન નિકળે તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા પાર્કિંગ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.

**DATE: 08/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મુખ્ય સૂત્રધાર સહિત બે ભાગી જવામાં સફળ

# અંકલેશ્વરના તાડ ફળિયામાં જુગાર રમતા ચાર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન શહેર ના તાડ ફળીયા માં રહેતો વિજય વસાવા તાડ ફળીયા ના પાછળ ના ગામ તળાવ ની દીવાલ ને અડી ને બાવળ ની ઝાડી માં જુગાર રમાડી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે દરોડા પાડ્યા હતા. જ્યાં જુગાર રમતા રાજેશ માછી ,સાજીદ રફીક બેગ ,યુસુફખાન નિશાર ખાન પઠાણ અને સાદિક હુશેન ગુલામ શેખ ને રંગે હાથ ઝડપી લીધા હતા. જ્યારે જુગાર ના અડ્ડા સંચાલક વિજય વસાવા અને અને તેનો સાગરીત હરિવર્ધન રાઠોડ ફરાર થઇ ગયા હતા .પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા 10,730, અને 18 હજારના ત્રણ નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 28,730 નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ વિજય વસાવા અને હરિવર્ધન રાઠોડ ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે ના અડ્ડા સંચાલક વિજય વસાવા અને અને તેનો સાગરીત હરિવર્ધન રાઠોડ ફરાર થઇ ગયા હતા .

**DATE: 08/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

ગડખોલ બ્રિજ નીચે રોડ પર નોકરિયાત વર્ગ દ્વારા તેમના વાહનો પાર્ક કરવામાં આવે છે

# ગડખોલ પાટિયા પાસે જાહેર માર્ગ પર પાર્ક કરેલાં 80 થી વધુ બાઈક ડિટેઈન

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ દ્વારા હાલ માર્ગ પર વકરતી જતી ટ્રાફિક સમસ્યા ને ધ્યાને લઇ ખાસ કરી પીક અવર્સમાં ટ્રાફિકને અડચણરૂપ પોઇન્ટ પ્રથમ સર્વે કરી હવે તેના નિવારણ કરવામાં માટે બી ડિવિઝન પોલીસ કવાયત શરુ કરી છે.

પ્રથમ પ્રતિન ચોકડી રેલ્વે માર્ગ પર 40 થી વધુ બાઈક ડિટેઇન કર્યા હતા. તો અડચણરૂપ લારી ધારકો સામે ગુનો દાખલ કર્યો હતો. હવે જુના નેશનલ હાઈવે નંબર 8 પર આવેલ ગડખોલ ટી બ્રિજ પર ટ્રાફિક ને અડચણ રૂપ થતા પાર્કિંગ સામે કાર્યવાહી શરુ કરતા સોમવાર ના રોજ સવારે ગડખોલ ટી બ્રિજ નીચે પાર્ક કરેલ 80 થી વધુ બાઈક જે ચોકડી પર માર્ગ પર જ પાર્ક હતી તેને ડિટેઈન કરી હતી. અને તમામ બાઈક ને ટેમ્પો ના ભરી પોલીસ મથકે લઈ આવી હતી. બાઈકો હતી જતા જ માર્ગ ખુલ્લો થઇ ગયો હતો અને જેને લઇ વાહનચાલકો સરળતા થી આવાગમન શરુ કર્યું હતું. માર્ગ પર અડચણ રૂપ લારી ધારકોને પણ લારી-ગલ્લા હટાવી લેવા માટે કડક સૂચના આપી હતી.

**DATE: 08/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### દબાણકર્તા 200 જેટલાં લારી ગલ્લા પથારાવાળા તેમજ દુકાનોદારોમાં ફફડાટ ફેલાયો

# પાલેજ ખાતે હાઈવેથી બજાર સુધીના દબાણો દૂર કરવા પંચાયતનો આદેશ

ભાસ્કર ન્યૂઝ | પાલેજ

ભરૂચ જિલ્લાના વેપારી મથક પાલેજ ખાતે હાઈવે પોલીસ ચોકી થી માંડી બજાર વિસ્તારમાં દબાણો દૂર કરવા તંત્ર હવે સજ્જ થયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલેજ પી.આઈ.શિલ્પા દેસાઈ તથા ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા પાલેજ ને.હાઈવે ચોકડી થી માંડી બજાર વિસ્તારમાં અંદાજે 200 જેટલાં લારી ગલ્લા પથારાવાળા તેમજ દુકાનો ની બહાર લટકનિયા દબાણો સ્વૈચ્છિક રીતે ટ્રાફિક ને અડચણ રૂપ દબાણો હટાવી લેવાની સૂચના આપતાં દબાણ કર્તા ઓ માં ફફડાટ વ્યાપી ગયો હતો.



દબાણ સબંધી સૂચનાઓ મળતાં લારી ગલ્લા પથારાવાળા ઓ પાલેજ ગ્રામ પંચાયત સત્તા ધીશો સમક્ષ રજૂઆત કરવાં ગયાં હતાં.પંચાયતે વૈયકલ્પીક જગ્યા માટે હૈયા ધારણા પાઠવી હતી.

પંચાયત સત્તાધીશો સરપંચ રમણ વસાવા ડે. સરપંચ સબ્બીર પઠાણ જિલ્લા સદસ્ય મલંગ પઠાણેએ લારી ગલ્લા વાળા ઓ ને આદેશનો અમલ કરવા જણાવ્યું હતું.મંગળવારે સાંજ સુધીમાં દબાણ દૂર કરવા સબંધી આદેશ મળતાં લારી ગલ્લા વાળા ઓ એ રહેમ રાહે કાર્યવાહી કરવા તંત્ર ને અપીલ કરી છે.

**DATE: 08/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

# દધેડા ગામે ચાલતા ગેસ રીફિલિંગનો પર્દાફાશ

## એલસીબીની ટીમે બાતમીના આધારેદરોડા પાડ્યા : ક્રાઈમ બ્રાન્ચે ૧.૨૪ લાખના મુદ્દામાલ સાથે ત્રણને ઝડપી લીધા

। ઝઘડિયા ।

ઝઘડિયા તાલુકાના દધેડા ગામે ત્રણ જગ્યાએ ચાલતા ગેસ રીફીલીંગનાપર્દાફાશ કરી કુલ ૧.૨૪ લાખના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા.

ભરૂચ એલસીબી પીએસઆઈ આર. કે.ટોરાણી ટીમ સાથે ઝઘડિયા જીઆઈ ડીસી પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાતમી મળેલ કે દધેડા ગામમાં અલગઅલગ જગ્યાએ દુકાનોમાં ગેસની મોટી બોટલમાંથી નાનીમોટી બોટલોમાં ગેરકાયદેસર રીતે ગેસ રીફીલીંગ કરી વેચાણ કરવામાં આવે છે.

એલસીબીની ટીમે મળેલ બાતમીના આધારે દધેડા ગામે બાતમીવાળી જગ્યાઓએ રેડ કરતા મોટી ગેસની બોટલ તથા નાના બોટલને સામસામે આડા પાડી વચ્ચે તાંબાના વાલ્વવાળી રીફીલીંગ પાઈપ ફીટ કરી એક ગેસના બોટલમાંથી બીજા ગેસના બોટલમાં ગેસનું રીફીલીંગ કરાતું હોવાનું જણાયું હતું.

એલસીબી એ આ ગુના હેઠળ ત્રણ ઈસમો સંતોષકુમાર ચંદેશ્વરરાય યાદવ રહે. અનમોલ પ્લાઝા દુકાન નંબર-૧૦૫ ઝઘડિયા જીઆઈડીસી, અસગરઅલી નજીમ અલી રહે. દધેડા ગામ તા-ઝઘડીયા તેમજ અમરેશકુમાર વિરેન્દ્રસિંહ લડુ રહે. દધેડા ગામ તા.ઝઘડિયાનાને અલગઅલગ કંપનીના નાના મોટા ગેસના ખાલી તથા ભરેલ બોટલ નંગ-૫૧, રીફીલીંગ પાઈપ નંગ-૦૩, વજન કાંટા નંગ-૩ મળી કુલ રૂપિયા ૧,૨૪,૦૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈને ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથકે ગુના નોંધાવ્યા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

JOB VACANCY

**DATE: 09/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–05**

# ભરૂચમાં ગાંજા સાથે મહિલા સહિત બે ઝડપાયાં

ભરૂચ: ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના કર્મીઓ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બાતમીના આધારે કસક નવી નગરી વિસ્તારમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાં ઝહીર અહેમદ બશીર અહેમદ બદરમિયા (રહે., કરિશ્મા કોમ્લેક્સ, મહંમદપુરા, ભરૂચ) તથા શાહિસ્તા અબ્દુલ મુસા અરબ (રહે., ન્યૂ કસક, નવી નગરી, ભરૂચ)ને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડી તેઓ પાસેથી 20.961 કિલોગ્રામ ગાંજાનો જથ્થો તેમજ મોબાઈલ અને રોકડા મળી કુલ 2,30,030નો મુદ્દામાલ કબજે કરાયો હતો. જ્યારે પીન્ટુ (રહે., સુરત)ને વૉન્ટેડ જાહેર કર્યો હતો

**DATE: 09/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# શણકોઈ પાટિયા પાસે દારૂ સાથે બે ખેપિયા ઝડપાયા

નેત્રંગ: નેત્રંગ પોલીસને થવા તરફથી બે ઇસમ એક સ્કૂટર પર વિદેશી દારૂનો જથ્થો લઇ નેત્રંગ તરફ આવી રહ્યા હોવાની બાતમી મળતાં શણકોઈ પાટિયા પાસે વૉચ ગોઠવી નંબર પ્લેટ વગરના એક સ્કૂટરના ચાલક અને તેની પાછળ બેઠેલા ઇસમને અટકાવ્યા હતા. તેમની પાસેથી એક સ્કૂલ બેગમાંથી તેમજ સ્કૂટરની ડીકી ખોલતાં વિદેશી દારૂ મળ્યો હતો. દારૂ કિં. ૧૮,૫૦૦, સ્કૂટર કિં.૩૦ હજાર, મોબાઇલ નંગ બે કિં.રૂ.૪૦૦૦ મળી કુલ રૂ.૫૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી નરેશ અમરસીંગ વસાવા અને દેવેન્દ્ર લક્ષ્મણ વસાવા (બંને રહે., બયડી, ડેડિયાપાડા)ને ઝડપી દારૂ આપનાર આશીષ સોનજી વસાવા તેમજ માલ લેનાર ઇસમને ઝડપી લેવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

**DATE: 09/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–04**

### અંકલેશ્વરના યોગી એસ્ટેટ પાસે

# યુવતીના હાથમાંથી મોબાઈલ છીનવી ભાગી છૂટનાર ગઠિયો ઝડપાયો

અંકલેશ્વર તા.૮

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ની યોગી એસ્ટેટ પાસે ઈ.એસ.આઈ હોસ્પિટલની કેન્ટીનમાં કામ કરતી યુવતીનો મોબાઈલ ઝૂંટવી ફરાર થયેલો આરોપીને પોલીસે જીતાલી ખાતેથી ઝડપી પાડ્યો હતો.

## જીઆઈડીસી પોલીસે ગુના અંગે તપાસ હાથ ધરી હતી

મૂળ રાજસ્થાન અને હાલ અંકલેશ્વરના જીતાલી ગામની ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતી નિશાબેન ગોકુળ પ્રજાપતિ ઈ.એસ.આઈ હોસ્પિટલની કેન્ટીનમાં રસોઈયા તરીકે નોકરી કરે છે.જેઓ ગતરોજ સવારે પોતાના ઘરેથી નીકળી નોકરી ઉપર જઈ રહી હતી.

તે દરમિયાન અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ની યોગી એસ્ટેટ પાસે પોતાના પિતા સાથે મોબાઈલ ઉપર વાતચીત કરી રહી હતી.તે વેળા પાછળથી બાઈક ઉપર આવેલો ગઠિયો યુવતીના હાથમાં રહેલા ૧૫ હજારના મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ ગયો હતો.

મોબાઈલના ચીલ ઝડપ અંગે જી.આઈ.ડી.સી.પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે જીતાલી ગામની લેક વિલા-૧માં રહેતો સલમાન અસલમ મુસ્તકિલને ઝડપી પાડી તેની પાસેથી મોબાઈલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 09/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–01**

### અંકલેશ્વરમાં પોલીસ તંત્ર દ્વારા

# રોડની બાજુમાં થયેલા દબાણો દૂર કરવા ઝુંબેશ હાથ ધરી

અંકલેશ્વર તા.૮

અંકલેશ્વર બી ડિવિઝન અને જી.આઈ.ડી.સી. પોલીસે નોટિફાઈડ વિસ્તારમાં દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજી ટ્રાફિકને અડચણ રૂપ દબાણો દૂર કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

## સતત ત્રીજા દિવસે લારી-ગલ્લા સહિતના દબાણો દૂર કર્યા

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકની હદમાં પ્રતિન ચોકડી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિકની સમસ્યાને પગલે વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ઉઠ્યા હતા.જેને પગલે છેલ્લા ત્રણ દિવસથી બી ડિવિઝન પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરી હતી.

પોલીસે સતત ત્રીજા દિવસે પ્રતિન ચોકડી,મહાવીર ટર્નિંગ અને રાજપીપળા ચોકડી સહિતના વિસ્તારોમાં ટ્રાફિકને અડચણરૂપ દબાણો દૂર કરવા સાથે દંડ વસૂલ કર્યો હતો.પોલીસની કામગીરીને પગલે દબાણ કર્તાઓમા ફફડાટ ફેલાઈ વ્યાપી ગયો હતો.તો આવી જ રીતે જી.આઈ.ડી.સી.પોલીસે પણ મીરાનગર તેમજ નોટિફાઈડ વિસ્તારમાં માર્ગની લગોલગ આવેલી લારી ગલ્લા હટાવી દબાણકર્તાઓ સામે પગલા ભર્યા હતા.પોલીસે માર્ગોની બાજુના દબાણો હટાવતા જ રોડ ખુલ્લા થતા હવે ટ્રાફિકની સમસ્યા નહિવત થાય તેવી કામગીરીને પગલે વાહન ચાલકોએ પણ હાશકારો લીધો હતો.

**DATE: 09/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–09**

# અંકલેશ્વર તાલુકા પોલીસ મથકના પ્રોહિ.ના ગુનામાં સંડોવાયેલો આરોપી ઝડપાયો

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકા પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર તાલુકા પોલીસે દઢાલ ગામના બસ સ્ટેશન પાસે વાહન ચેકિંગ હાથ ધર્યું હતું તે દરમિયાન રીક્ષા અટકાવતા રીક્ષા ચાલક સ્થળ ઉપર રીક્ષા મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે રીક્ષામાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ મળી હતી.પોલીસે ૩૫ હજારનો દારૂ અને રીક્ષા મળી કુલ રૂ.૭૦ હજારનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી હતી હતી. તે દરમિયાન આ પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ ઈસમ સારંગપુરની વિહારધામ સોસાયટીમાં ફરે છે જેવી બાતમીના આધારે તાલુકા પોલીસે દિલિપ સોમા પરમારને ઝડપી પાડ્યો હતો.

**DATE: 09/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કુલ 1.80 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત

# જંબુસર મગણાદ ગામેથી પાંચ જુગારીયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર પોલીસ મથક ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એન રબારી ની સુચના અનુસાર પોલીસ મથક ના પોલીસ સબ ઈન્સપેક્ટર જે.જી.કામળીયા તથા પો.કો. કનકસિંહ મેરૂભા સહિત સ્ટાફ ના માણસો પેટ્રોલિંગ મા હતા.તે દરમ્યાન બાતમીદાર થી મળેલ બાતમી ના આધારે જંબુસર તાલુકા ના મગણાદ ગામે તળાવ ની પાળ ઉપર છાપો મારતા જુગાર રમતા જીતેન્દ્ર ઉર્ફે બાદશાહ બકોર પટેલ, શકીલ કાલુ દિવાન, સંજય સુરસંગ ઠાકોર, સુરેશ સુરસંગ ઠાકોર, તથા વિજય ભીખા દોડીયા તમામ રહે. મગણાદ ના ઓ ઝડપાઈ ગયા હતા.તેમજ રેડ દરમ્યાન રોહિતસિંહ હિંમતસિંહ સિંહ સિંધા તથા ચીરાગ પ્રવિણ પા.વા. રહે.મગણાદ નાસી છુટયા હતા. પોલીસે ઘટના સ્થળે થી અંગ ઝડતી તથા દાવ ઉપર ના રોકડ રૂપીયા 17 હજાર તથા મોબાઈલ નંગ 5 કિ.રૂ. 25 હજાર તથા મોટરસાયકલ નંગ 3 સહિત કુલ 1.80 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.